**પરીપત્ર:**

**વિષય : સંસદ/રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણીના સમયે સરકારી કર્મચારીની વર્તણૂંક, વર્તન અને અભિગમને લગતી સુચનાઓના અમલીકરણ બાબત**

**સંદર્ભ:સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંક:સીડીઆર–૧૨૨૦૧૨–૧૫૨૪–તપાસ એકમ, તા.૨૬/૦૩/૨૦૨૪**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર/ઈન્ચાર્જશ્રીઓ, બિન શૈક્ષણિક કર્મચારીઓને જણાવવામાં આવે છે કે, સંસદ/રાજ્યની વિધાનસભાની આગામી સામાન્ય ચૂંટણીને ધ્યાને લઈ સંદર્ભ પરીપત્ર અનુસાર સંસદ/રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણીના સમયે ચૂંટણીને લગતી સરકારી કર્મચારીની વર્તણૂંક, વર્તન અને અભિગમને લગતી સુચનાઓ વિગતવાર પ્રસિધ્ધ થયેલ હોય, જેની ચુસ્તપણે અમલવારી કરવા આથી જણાવવામાં આવે છે.

ડૉ. ડી.એચ. સુખડીયા
**કા. કુલસચિવ**

**બિડાણ: સંદર્ભ પરીપત્રની નકલ**

**ક્રમાંક :બીકેએનએમયુ/રજી/૮૩/૨૦૨૪**
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા : ૩૦/૦૩/૨૦૨૪

**પ્રતિ,**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર/ઈન્ચાર્જશ્રીઓ, બિન શૈક્ષણિક કર્મચારીઓ તરફ...**

**નકલ રવાના :–**

1) માન.કુલપતિશ્રીના અંગત સચિવ તરફ...
2) આઈ.ટી. સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)

સંસદ/ રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણીના સમયે સરકારી કર્મચારીની વર્તણૂક, વર્તન અને અભિગમને લગતી સૂચનાઓ.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: સીડીઆર-૧૨૨૦૧૨-૧૫૨૪-તપાસ એકમ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૬મી માર્ચ, ૨૦૨૪.

<u>વંચાણે લીધા:</u>

(૧) ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧નો નિયમ-૫.

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમો-૩૮, ૩૯ અને ૪.

(૩) અખિલ ભારત સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૬૮નો નિયમ-૫.

(૪) તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૫૭ના મુંબઇ સરકારના રાજકીય અને સેવા વિભાગનો પરિપત્ર મેમોરેન્ડમ ક્રમાંક. સીડીઆર/૧૦૫૬/ ડી.

(૫) તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૭૧ના ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર ક્રમાંક: સીડીઆર/૧૦૭૧/૪૦-જી.

(૬) તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૭૮ના ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર ક્રમાંક: સીડીઆર/૧૧૭૮/૧૬૮૮-જી.

(૭) લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમો ૧૨૮, ૧૨૯, ૧૩૪ અને ૧૩૪(ક)

(૮) તારીખ ૧૭/૦૧/૧૯૯૬ના ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો વર્નાકયુલર પરિપત્ર ક્રમાંક: ઇએલસી/૧૦૦૯/૧૨૨૮/છ અને ચૂંટણી પંચના પત્ર ક્રમાંક. ૪૩૭/૬/૯૬/ પીએલએન-૩.

(૯) તારીખ ૨૫/૦૩/૨૦૦૯ના ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર ક્રમાંક: સીડીઆર-૧૨૨૦૦૯-૨૫૦-તપાસ એકમ.

(૧૦) તારીખ ૧૬/૦૩/૨૦૨૪ના ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગનો વર્નાકયુલર પરિપત્ર ક્રમાંક: ઇએલસી/૧૦૨૦૨૪/૧૧/છ (MCC).

<u>આમુખ</u> :-

ગુજરાત સરકાર દ્વારા સંસદ/રાજ્ય વિધાનસભાની દરેક સામાન્ય ચૂંટણી સમયે, ચૂંટણીને લગતી સરકારી કર્મચારીના વર્તણૂક, વર્તન અને અભિગમને લગતી વિગતવાર સૂચનાઓ બહાર પાડવામાં આવે છે. સંસદ/રાજ્ય વિધાનસભાની આગામી સામાન્ય ચૂંટણીને લક્ષમાં લેતાં, ચૂંટણીને લગતી સરકારી કર્મચારીના વર્તણૂક, વર્તન અને અભિગમને લગતી એકત્રિત સૂચનાઓ બહાર પાડવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. આ બાબતે કાળજીપૂર્વકની વિચારણા બાદ, સરકાર, સર્વે સંબંધિતોની જાણકારી, માર્ગદર્શન અને ઘટતાં પગલાં લેવા માટે, નીચે દર્શાવ્યા પ્રમાણેની સૂચનાઓ બહાર પાડે છે.

# પરિપત્ર

## ક. ગુજરાત રાજય સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ની જોગવાઇ.

### નિયમ-૫ રાજકારણ અને ચૂંટણીઓમાં ભાગ લેવા બાબત :-

(૧) કોઇપણ સરકારી કર્મચારી, કોઇપણ રાજકીય પક્ષનો અથવા સામાન્ય રીતે રાજકારણમાં ભાગ લેતા કોઇપણ સંગઠનનો સભ્ય થઇ શકશે નહિ તેમજ બીજી કોઇ રીતે તેની સાથે સંબંધ રાખી શકશે નહિ કે કોઇપણ રાજકીય ચળવળ અથવા પ્રવૃત્તિમાં ભાગ લઇ શકશે નહિ, તેમાં મદદરૂપે ફાળો આપી શકશે નહિ કે બીજી કોઇપણ રીતે તેને મદદ કરી શકશે નહિ.

(૨) ભારતમાં કાયદાથી સ્થપાયેલી સરકાર માટે વિદ્રોહકારી અથવા સીધી કે આડકતરી રીતે વિદ્રોહકારી નીવડે તેવી કોઇપણ ચળવળ કે પ્રવૃત્તિમાં પોતાના કોઇપણ કુટુંબીજનને ભાગ લેતાં, મદદરૂપે ફાળો આપતા અથવા બીજી કોઇ રીતે મદદ કરતા રોકવાની કોશિશ કરવી એ દરેક સરકારી કર્મચારીની ફરજ રહેશે અને કોઇ સરકારી કર્મચારી પોતાના કુટુંબીજનને આવી કોઇ ચળવળ અથવા પ્રવૃત્તિમાં ભાગ લેતાં, મદદરૂપે ફાળો આપતા અથવા બીજી કોઇપણ રીતે મદદ કરતા અટકાવી શકે તેમ ન હોય તો તેમણે સરકારને તે મતલબની જાણ કરવાની રહેશે.

(૩) કોઇપણ પક્ષ રાજકીય પક્ષ છે કે કેમ અથવા કોઇ સંગઠન રાજકારણમાં ભાગ લે છે કે કેમ અથવા કોઇ ચળવળ કે પ્રવૃત્તિ આ નિયમની ક્ષેત્ર મર્યાદામાં આવે છે કે કેમ તેને લગતો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે સરકારનો નિર્ણય આખરી ગણાશે.

(૪) કોઇપણ સરકારી કર્મચારીથી કોઇપણ વિધાનમંડળ અથવા સ્થાનિક તંત્રની ચૂંટણીમાં સીધી કે આડકતરી રીતે પ્રચાર થઇ શકશે નહિ કે તેમાં દખલ કરી શકાશે નહિ કે બીજી કોઇ રીતે પોતાની વગનો ઉપયોગ કરી શકાશે નહિ કે કોઇપણ પ્રકારે તેમાં ભાગ લઇ શકાશે નહિઃ

પરંતુ-

(૧) આવી ચૂંટણીમાં મતદાન કરવાની યોગ્યતા ધરાવતા સરકારી કર્મચારી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે પરંતુ તેમ કરતાં પોતે જે રીતે તે મત આપવા માગતા હોય અથવા મતદાન કરી ચૂકયા હોય તે વિશે તેમનાથી કોઇને કશું સૂચન કરી શકાશે નહિ.

(૨) તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાની રૂએ અથવા તે હેઠળ અથવા સરકારના કોઇ હુકમથી સરકારી કર્મચારીને સોંપાયેલ ફરજનું વિધિસર પાલન કરતી વખતે ચૂંટણી સંચાલનમાં તે મદદ કરે તે કારણસર જ તેણે આ નિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કર્યું હોવાનું ગણાશે નહિ.

સ્પષ્ટીકરણ :- સરકારી કર્મચારી પોતાના શરીર, વાહન અથવા રહેઠાણ પર કોઇ ચૂંટણી પ્રતિક પ્રદર્શિત કરે તો આ પેટા-નિયમના અર્થઘટન પ્રમાણે તેણે ચૂંટણીમાં પોતાની વગનો ઉપયોગ કર્યો છે એમ ગણાશે.

## ખ. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમો-૩૮,૩૯ અને ૪૦.

### મતદાનની ગુપ્તતા જાળવવા બાબત.

૩૮. (૧) ચૂંટણી ગુપ્ત મતદાનથી થાય ત્યારે, ચૂંટણીમાં મત નોંધવા અથવા ગણવા અંગેની કંઇપણ ફરજ બજાવતા દરેક અધિકારીએ, કારકુને, એજન્ટ અથવા બીજી વ્યકિતએ, મતદાનની ગુપ્તતા જાળવવી જોઇશે, અને તે જાળવવામાં મદદ કરવી જોઇશે, અને (કોઇપણ કાયદાથી અથવા તે હેઠળ કોઇ

અધિકૃત હેતુ સારૂ હોય તે સિવાય) એવી ગુપ્તતાનો ભંગ થાય એવી કોઇપણ માહિતી કોઇપણ વ્યકિતને આપવી જોઇશે નહિ.

(૨) જે વ્યકિત, પેટા-કલમ (૧)ની જોગવાઇઓનુ ઉલ્લંઘન કરે, તેને ગુનો સાબિત થયેથી, ત્રણ મહિનાની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા બંને શિક્ષા થશે.

<u>અધિકારીઓ વગેરેએ, ચૂંટણી વખતે ઉમેદવારો માટે કામ કરવું નહિ અથવા મતદાન ઉપર અસર થાય એવું કશું કરવું નહિ.</u>

૩૯. (૧) જે કોઇ વ્યકિત ચૂંટણી વખતે, ચૂંટણી અધિકારી અથવા મતદાન મથક અધિકારી અથવા મતદાન અધિકારી હોય અથવા ચૂંટણીના સંબંધમાં કાંઇપણ ફરજ બજાવવા માટે ચૂંટણી અધિકારી અથવા મતદાન મથક અધિકારીએ નીમેલા કોઇ અધિકારી અથવા કારકુન હોય તેણે, ચૂંટણીના સંચાલન અથવા તેની વ્યવસ્થામાં ઉમેદવારની ચૂંટાવાની સંભાવના વધારવા માટે (તેનો મત આપવા સિવાયનું બીજુ) કોઇ કૃત્ય કરવું નહિ.

(૨) ઉપર જણાવેલી વ્યકિતએ, તેમજ પોલીસ દળની વ્યકિતએ નીચે પ્રમાણેનો પ્રયત્ન કરવો નહિ :-

(ક) કોઇ વ્યકિતને કોઇ ચૂંટણીમાં તેનો મત આપવા સમજાવવાનો, અથવા

(ખ) કોઇ વ્યકિતને કોઇ ચૂંટણીમાં તેનો મત ન આપવા સમજાવવાનો, અથવા

(ગ) કોઇ ચૂંટણીમાં કોઇ વ્યકિતના મતદાન ઉપર કોઇપણ રીતે અસર પાડવાનો.

(૩) જે કોઇ વ્યકિત, પેટા-કલમ (1)ની જોગવાઇઓનું ઉલ્લંઘન કરે તેને ગુનો સાબિત થયેથી, છ મહિનાની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા બંને શિક્ષા થશે.

<u>ચૂંટણી સંબંધી અધિકારીની રૂએની ફરજનો ભંગ.</u>

૪૦. (૧) આ કલમ લાગુ પડતી હોય તેવી કોઇ વ્યકિત, પોતાના હોદ્દાની રૂએની ફરજનો ભંગ થાય એવા કોઇ કૃત્ય અથવા એવા કોઇ કાર્યલોપ બદલ દોષિત હોય, તેને ગુનો સાબિત થયેથી, બે હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૨) ઉપર જણાવેલા કોઇપણ કૃત્ય અથવા કાર્યલોપના સંબંધમાં આવી કોઇ વ્યકિત સામે નુકશાની મેળવવા માટે કોઇ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ.

(૩) આ કલમ જેને લાગુ પડે છે તે વ્યકિતઓ, તે ચૂંટણી અધિકારીઓ, મતદાન મથક અધિકારીઓ, મતદાન અધિકારીઓ અને મતદારોની યાદીની જાળવણી અંગેની, ઉમેદવારીપત્રો સ્વીકારવા અથવા તે પાછા ખેંચી લેવા અંગેની અથવા ચૂંટણીમાં મત નોંધવા અથવા તેની ગણતરી કરવા અંગેની ફરજ બજાવવાને નીમવામાં આવેલી બીજી કોઇપણ વ્યકિતઓ છે અને "અધિકારની રૂએ ફરજ" એ શબ્દપ્રયોગનો અર્થ આ કલમના હેતુઓ માટે તદનુસાર કરવો, પણ તેમાં આ અધિનિયમથી અથવા તે હેઠળ હોય તે સિવાય બીજી રીતે મૂકવામાં આવેલી ફરજોનો સમાવેશ થતો નથી.

(તારીખઃ ૧૩મી નવેમ્બર, ૧૯૭૫ના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક : સીડીઆર/૧૪૭૫/૪૪૭૫/ જી-થી, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૩૦, ૩૧ અને ૩૨ની જોગવાઇઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. પણ હવે, સદરહુ અધિનિયમને બદલે,ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ મૂકવામાં આવેલ છે. તેથી, પ્રવર્તમાન અધિનિયમની સંબંધિત જોગવાઇઓનો આમાં ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

વધુમાં, એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે પંચાયત અધિનિયમને લગતા પરિચ્છેદ-ખ હેઠળની આમાં ઉપર ઉલ્લેખેલી જોગવાઇઓને માત્ર પંચાયતની ચૂંટણીઓમાં લાગુ પાડવામાં આવેલ છે)

ગ. <u>અખિલ ભારતીય સેવા (વર્તણક) નિયમો, ૧૯૬૮નો નિયમ-૫.</u>

<u>નિયમ-૫ રાજકારણ અને ચૂંટણીઓમાં ભાગ લેવા બાબત :-</u>

(૧) સેવાનો કોઇપણ સભ્ય, કોઇપણ રાજકીય પક્ષનો અથવા સામાન્ય રીતે રાજકારણમાં ભાગ લેતા કોઇપણ સંગઠનનો સભ્ય થઇ શકશે નહિ તેમજ બીજી કોઇ રીતે તેની સાથે સંબંધ રાખી શકશે નહિ કે કોઇપણ રાજકીય ચળવળ અથવા રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઇ શકશે નહિ અથવા તેમાં મદદરૂપે ફાળો આપી શકશે નહિ કે બીજી કોઇપણ રીતે તેને મદદ કરી શકશે નહિ.

(૨) કાયદાથી સ્થપાયેલી સરકાર માટે વિદ્રોહકારી અથવા સીધી કે આડકતરી રીતે વિદ્રોહકારી નીવડે તેવી કોઇપણ ચળવળ કે પ્રવૃત્તિમાં પોતાના કોઇપણ કુટુંબીજનને ભાગ લેતા, અથવા મદદરૂપે ફાળો આપતા અથવા બીજી કોઇ રીતે મદદ કરતા રોકવાની કોશિશ કરવી એ સેવાના દરેક સભ્યની ફરજ રહેશે અને સેવાનો કોઇ સભ્ય પોતાના કુટુંબીજનને આવી કોઇ ચળવળ અથવા પ્રવૃત્તિમાં ભાગ લેતા અથવા મદદરૂપે ફાળો આપતા અથવા બીજી કોઇપણ રીતે મદદ કરતા અટકાવી શકે તેમ ન હોય તો તેમણે સરકારને તે મતલબની જાણ કરવાની રહેશે.

(૩) કોઇ ચળવળ કે પ્રવૃત્તિ આ નિયમની કાર્યક્ષેત્રમાં આવે છે કે કેમ તેને લગતો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે સરકારનો નિર્ણય આખરી ગણાશે.

(૪) સેવાના કોઇપણ સભ્યથી કોઇપણ વિધાનમંડળ અથવા સ્થાનિક તંત્રની ચૂંટણીમાં પ્રચાર થઇ શકશે નહિ કે તેમાં દખલ કરી શકાશે નહિ કે પોતાની વગનો ઉપયોગ કરી શકાશે નહિ કે કોઇપણ પ્રકારે તેમાં ભાગ લઇ શકાશે નહિઃ

પરંતુ-

(૧) આવી ચૂંટણીમાં મતદાન કરવાની યોગ્યતા ધરાવતા સેવાના સભ્ય પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે, પરંતુ તેમ કરતાં પોતે જે રીતે તે મત આપવા માગતા હોય અથવા મતદાન કરી ચૂકયા હોય તે વિશે તેમનાથી કોઇને કશું સૂચન કરી શકાશે નહિ, અને

(૨) તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાની રૂએ અથવા તે હેઠળ અથવા સરકારના કોઇ હુકમથી સેવાના સભ્યને સોંપાયેલ ફરજનું વિધિસર પાલન કરતી વખતે ચૂંટણી સંચાલનમાં તે મદદ કરે તે કારણસર જ તેણે આ પેટા-નિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કર્યું હોવાનું ગણાશે નહિ.

સ્પષ્ટીકરણ :- સરકારી કર્મચારી પોતાના શરીર, વાહન અથવા રહેઠાણ પર કોઇ ચૂંટણી પ્રતિક પ્રદર્શિત કરે તો આ પેટા-નિયમના અર્થઘટન પ્રમાણે તેણે ચૂંટણીમાં પોતાની વગનો ઉપયોગ કર્યો છે એમ ગણાશે.

(ક્રમાંક (૫) ઉપર ઉલ્લેખેલા પરિપત્રથી, ઉપરની જોગવાઇઓ પરિપત્રિત કરવામાં આવેલ છે).

ઘ. <u>સરકારી કર્મચારીઓ દ્વારા રાજકીય પક્ષોએ યોજેલી ચૂંટણી સભાઓમાં ઉપસ્થિત રહેવા સંબંધી સૂચના.</u>

રાજકીય પક્ષોએ યોજેલી જાહેર સભાઓ ખાતે સરકારી કર્મચારીની ઉપસ્થિતિ-એ, સંબંધિત કાયદાના અર્થ પ્રમાણે, રાજકીય ચળવળમાં ભાગ લીધો હોવાનું ગણવું કે કેમ તે અંગે પૂછાણ કરવામાં

આવેલ છે. આ મર્યાદિત પ્રશ્નના સંબંધમાં પણ,પરિસ્થિતિ આવશ્યકપણે નીચે સૂચવ્યા મુજબની જ રહેવી જોઇશેઃ-

૧.(૧) કોઇપણ ખાસ પ્રકારની વર્તણૂક-એ રાજકીય ચળવળમાં ભાગ લીધો હોવાનું ગણાશે કે નહિ તે દરેક ખાસ કેસના ગુણદોષો અને સંજોગો પર નકકી કરવામાં આવનાર હકીકતલક્ષી પ્રશ્ન છે; અને

(૨) સરકારી કર્મચારીની વર્તણૂક માટેની જવાબદારી સંપૂર્ણપણે તેમના પોતાના પર જ રહશે અને સરકારના વલણ અંગેની અજ્ઞાનતા અથવા ગેરસમજની દલીલ તર્કસંગત રહેશે નહિ.

૨. તેમ છતાં, નીચેના નિરીક્ષણો સરકારી કર્મચારીઓને તેમની પોતાની કાર્યવાહી નકકી કરવામાં સહાયરૂપ થઇ શકશે.-

(૧) રાજકીય પક્ષે યોજેલી બેઠકો ખાતેની ઉપસ્થિતિ, સરકારી કર્મચારીઓની વર્તણૂક નિયમોથી હંમેશા વિરુધ્ધની ગણાશે, સિવાય કે નીચેની તમામ શરતોને પરિપૂર્ણ કરવામાં આવી હોય.-

(ક) સભા, એ જાહેર સભા હોય અને કોઇપણ પ્રકારે ખાનગી અથવા મર્યાદિત સભા ન હોય.

(ખ) સભા, એ કોઇપણ નિષેધાત્મક આદેશથી વિરુધ્ધ અથવા જરૂર હોય ત્યાં પરવાનગી વિના યોજવામાં આવેલી ન હોય, અને

(ગ) પ્રસ્તુત સરકારી કર્મચારી સભામાં પોતે બોલતો ન હોય અથવા સભાનું આયોજન કરવામાં અથવા તે યોજવામાં સક્રિય અથવા મુખ્ય ભાગ લેતો ન હોય.

(૨) સદરહુ શરતો પરિપૂર્ણ કરવામાં આવી હોય, ત્યાં પણ આવી સભાઓ ખાતેની પ્રાસંગિક ઉપસ્થિતિ, રાજકીય ચળવળમાં ભાગ લીધેલ હોવાનું ગણી શકાશે નહિ. કોઇપણ ખાસ રાજકીય પક્ષની સભાઓ ખાતે સરકારી કર્મચારીની વારંવાર અથવા નિયમિત ઉપસ્થિતિથી એવી છાપ ચોકકસ ઉભી થાય તેમ છે કે તે સરકારી કર્મચારી, તે પક્ષના હેતુઓ અને ઉદ્દેશો પ્રત્યે સહાનુભૂતિ રાખે છે અને તેના હોદ્દાની હેસિયતથી, તે ખાસ પક્ષના સભ્યોની તરફેણ કરી શકશે અથવા તેમનું સમર્થન કરી શકશે. આવી છાપ ઉભી થવાનું કારણ આપતી વર્તણૂકને રાજકીય ચળવળને મદદ કર્યું હોવાનું લેખાશે.

(3) સરકારી કર્મચારીઓને પ્રેસના માધ્યમ થકી જુદા જુદા રાજકીય પક્ષોના હેતુઓ, ઉદ્દેશો અને પ્રવૃત્તિઓ સંબંધી પોતાને માહિતગાર થવાની અને તેમના નાગરિક અધિકાર એટલે કે વિધાનમંડળો અથવા સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ વગેરેની ચૂંટણીઓ ખાતે મત આપવાના અધિકારને બુધ્ધિપૂર્વક વાપરવા માટે તેમને સજજ થવાની પૂરતી સુવિધાઓ છે.

(ક્રમાંક (૬) ઉપર ઉલ્લેખેલા પરિપત્રથી સૂચના બહાર પાડવામાં આવેલ છે.)

ચ. <u>સામાન્ય ચૂંટણીઓ દરમિયાન મંત્રીશ્રીઓના પ્રવાસ સંબંધી સૂચનાઃ-</u>

(તમામ રાજ્યોના અને સંઘ રાજ્યક્ષેત્રોના) મુખ્ય સચિવશ્રીઓને ઉદ્દેશીને લખાયેલા ચૂંટણી કમિશનના તારીખઃ૧૭/૦૧/૧૯૯૬ના પત્ર ક્રમાંકઃ ૪૩૭/૬/પીએલએન-3ની બાબત ક્રમાંકઃ ૨૯૮ હેઠળ સામાન્ય ચૂંટણી દરમિયાન મંત્રીઓના પ્રવાસ સંબંધી સૂચના આપવામાં આવેલ હતી, જેમાં નીચે પ્રમાણે જોગવાઈ કરવામાં આવેલ છેઃ-

હું, આજ્ઞાનુસાર આથી જણાવું છું કે ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખઃ ૧ નવેમ્બર, ૧૯૮૯ના તેમના પરિપત્ર ક્રમાંકઃ ૧૦/૧૭/૮૯-એમ એન્ડ જી-થી ચૂંટણી ઝુંબેશના અનુસંધાને મંત્રીશ્રીઓના પ્રવાસને લગતી તેમની સૂચનાનો સારાંશ પુનઃપ્રસ્તુત કરેલ છે. આ સૂચનાઓમાં, બીજી બાબતોની સાથોસાથ, ચૂંટણીની મુદત દરમિયાન ભારત સરકારના મંત્રીશ્રીઓના સરકારી અને અંગત પ્રવાસ માટે,

ખાસ કરીને આવા પ્રવાસ સામાન્ય રીતે બેવડાતા હોવાની હકીકતોના સંદર્ભમાં, અલગથી અનુસરવાની હોય તેવી કેટલીક ચોક્કસ ઔપચારિકતાઓ ઠરાવવામાં આવે છે.

૨. કેન્દ્ર સરકાર અને જ્યાં ચૂંટણીઓ યોજવામાં આવેલ છે તે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ દ્વારા તેમજ ચૂંટણીની મુદત દરમિયાન ચૂંટણી યોજવામાં આવેલ હોય તેવા રાજ્યોની મુલાકાત લેતા પડોશી અને બીજા રાજ્યોના મંત્રીશ્રીઓ દ્વારા ગૃહ મંત્રાલયની ઉપર્યુક્ત સૂચનાઓનું પાલન થાય છે કે કેમ તે અંગે કમિશન કડક નજર રાખી રહયું છે. કમિશનને એ બાબતની તપાસ કરવાની (દેખરેખ રાખવાની) ફરજ પડી છે કે ગૃહ મંત્રાલયની ઉપર્યુક્ત સૂચનાનો ભાવ અને તેના શબ્દો અસ્પષ્ટ, સંદિગ્ધ અને પરવાનગીપાત્ર પ્રકારના જ નથી, પરંતુ સજામુક્તિ દ્વારા તેની ઘોર ઉપેક્ષા કરવામાં આવે છે અને ચૂંટણીની પ્રક્રિયાની પવિત્રતા જાળવી રાખવા માટે અને કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેના વિશેષાધિકાર પ્રાપ્ત શાસક પક્ષની છળયુક્ત યુક્તિપ્રયુક્તિઓથી મતદારોએ વાપરવાના સ્વતંત્ર મતાધિકારને અલગ રાખવા માટે, ચૂંટણીના સમય દરમિયાન જેને પ્રોત્સાહન આપવું જોઈએ અને જેને ટકાવી રાખવી જોઈએ તેવી તટસ્થતાની છબીનો ખુલ્લેઆમ અનાદર કરવામાં આવે છે.

૩. તાજેતરના વર્ષોમાં કમિશન દ્વારા સંચાલન કરવામાં આવેલી ચૂંટણીઓ દરમિયાન, એ બાબત જોઈને કમિશનને એવું અનુભવેલ છે કે કેન્દ્ર ખાતે અને કેટલાક રાજ્યો ખાતે મંત્રીશ્રીઓએ, શાસક પક્ષના સભ્યો તરીકેની પોતાની હેસિયતથી પોતાના પક્ષોની ચૂંટણી ઝુંબેશમાં ભાગ લેવાના ગુપ્ત ઈરાદાથી સરકારી કાર્યક્રમોનું દેખરેખ રાખવા માટેની સત્તાવાર મુલાકાતના દેખીતા હેતુ માટે, ગેસ્ટ હાઉસ અને તેના જેવા સરકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત સરકારની માલિકીના તંત્રનો દુરુપયોગ કર્યો હતો. ઉપર જણાવેલી "સત્તાવાર" મુલાકાતો વખતે આવા મંત્રીશ્રીઓ સાથે તેમના રાજકીય પક્ષોના અધિકારીઓ ઈરાદાપૂર્વક હાજર રહેતા હોય છે. વિભાગના કોઈપણ અધિકારી આવી મુલાકાત અને બેઠકોમાં મંત્રીશ્રીઓની સાથે ગયા હોવાની કોઈ નોંધ કરવામાં આવતી નથી, જેના પરિણામે આવી સત્તાવાર મુલાકાત અંગેની કોઈ નોંધ નિભાવવામાં આવતી નથી.

૪. એવી ગંભીર વાંધાજનક બાબતો પણ કમિશનના ધ્યાન પર આવેલ છે કે ચૂંટણી યોજવાને લગતા વૈધાનિક અને બીજા કાર્યો પણ જેણે કરવાના હોય છે તેવા જિલ્લા વહીવટીતંત્ર અને રાજ્ય સરકારના સ્થાનિક અધિકારીઓને, વહીવટી અને સુરક્ષા વ્યવસ્થાને નામે, આવા મંત્રીશ્રીઓની સેવા (સરભરા) કરવાની ફરજ પાડવામાં આવે છે, જેના પરિણામે ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ માટે ખુબ જરૂરી એવી સ્વતંત્રતા અને તટસ્થતા અંગે શંકા ઊભી થાય છે.

૫. ઉપરર્યુક્ત સંજોગોમાં, સંવિધાનના અનુચ્છેદ 324ની રૂએ પોતાનામાં નિહિત થયેલી પૂર્ણ સત્તા અને આ અર્થે પોતાને સક્ષમ બનાવતી બીજી તમામ સત્તાની રૂએ, કમિશને, મુક્ત અને ન્યાયી મતદાનના હિતમાં, તેની પોતાની સૂચના બહાર પાડવાનો નિર્ણય કરેલ છે.

૬. ઉપર ઉલ્લેખેલ ભારત સરકારના ગૃહ મંત્રાલયનો તારીખઃ 1લી નવેમ્બર, 1989ના પરિપત્ર ક્રમાંકઃ 10/17/89-એમ એન્ડ જી-થી આપેલી (બહાર પાડેલી) સૂચનાઓ, કોઈ પણ રીતે

કમિશનની આ સૂચનાઓની ઉપરવટ ગણાશે નહિ, તેમાં સુધારો કરશે નહિ કે કોઈ પણ રીતે તેને અસર કરશે નહિ. કમિશન, તેની અગાઉની સૂચનાને રદ કરીને નીચે મુજબ આદેશ કરે છેઃ-

૬.૧ હવે પછી, કેન્દ્ર અથવા રાજ્ય સરકારના કોઈપણ મંત્રીશ્રી, ચૂંટણીની જાહેરાતથી શરૂ કરીને ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીની મુદત દરમિયાન, કમિશને જે મતદાર વિભાગમાંથી ચૂંટણીની જાહેરાત કરી હોય તેવા કોઈ મતદાર વિભાગમાં સત્તાવાર મુલાકાત લેશે નહિ.

૬.૨ કમિશન એમ પણ આદેશ કરે છે કે કોઈ પણ મંત્રીશ્રી, કોઈ પણ ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હોય તેવા મતદાર વિભાગ અથવા રાજ્યના ચૂંટણી સાથે સંકળાયેલા કોઈપણ અધિકારીને, આવા મતદાર વિભાગમાં ચૂંટણીની જાહેરાતથી શરૂ કરીને ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીની મુદત દરમિયાન, કોઈ પણ સત્તાવાર (સરકારી) ચર્ચાવિચારણા કરવા માટે, ઉપર્યુક્ત મતદારવિભાગની બહાર આવેલા કોઈ સ્થળે અથવા ઓફિસે અથવા ગેસ્ટ હાઉસમાં બોલાવી શકશે નહિ.

૬.3 આ સૂચનાઓનો એકમાત્ર અપવાદ એ રહેશે કે જ્યારે સંબંધિત વિભાગનો હવાલો ધરાવતા અધિકારી તરીકેની પોતાની હેસિયતથી કોઈ મંત્રીશ્રી અથવા મુખ્યમંત્રીશ્રી, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ન જળવાઈ હોય તેવી અથવા કુદરતી આપત્તિની પરિસ્થિતિમાં અથવા બીજી કોઇ કટોકટીના પ્રસંગે દેખરેખ માટે, સમીક્ષા કરવા માટે, બચાવ કામગીરી માટે, રાહત કાર્યો માટે અને તેના જેવા હેતુઓ માટે, આવા મંત્રીશ્રી/મુખ્યમંત્રીશ્રીની રૂબરૂ હાજરીની આવશ્યકતા હોય તે સંબંધમાં કોઈ મતદાર વિભાગની મુલાકાત લઇ શકશે અથવા આ મતદાર વિભાગના ચૂંટણી સાથે સંકળાયેલા કોઈ અધિકારીને મતદાર વિભાગની બહાર આવેલા કોઈ સ્થળે બોલાવી શકશે.

૭. એ બાબત સ્પષ્ટ કરવામાં આવી છે કે મંત્રીશ્રીઓ પોતાના સરકારી વાહનોનો, પોતાના મુખ્ય મથકમાં, પોતાના નિવાસસ્થાનેથી પોતાની કચેરી સુધી સરકારી કામ માટે ઉપયોગ કરવાને હકદાર રહેશે, પરંતુ આવી આવ-જા કોઈપણ પ્રકારના ચૂંટણીના કામને લગતી અથવા રાજકીય પ્રવૃત્તિને લગતી હોવી જોઈશે નહિ.

૮. લોકોની સાચી (ખરેખરી) પસંદગીને પ્રતિબિંબિત કરતી શાંતિપૂર્ણ, મુક્ત અને ન્યાયી ચૂંટણીની ખાતરી માટે આ સૂચનો જરૂરી હોવાથી, આ સૂચનાઓના કોઈપણ પ્રકારના ઉલ્લંઘનની સમીક્ષા, માત્ર આદર્શ આચારસંહિતાના ગંભીર ઉલ્લંઘન તરીકે નહિ, પરંતુ આવી સૂચના જાહેર કરવાની કમિશનની સત્તાના પણ ગંભીર ઉલ્લંઘન તરીકે કરવામાં આવશે અને (તેના માટે) ચોક્કસ સંજોગોના ગુણદોષોને ધ્યાને લઈને કમિશનને ઉચિત જણાય તેવી ગંભીર શિક્ષા કરી શકાશે.

૭. <u>ચૂંટણીની કોઈ પણ બેઠક યોજવા માટે જાહેર સ્થળનો ઉપયોગ કરવા માટે કોઈ રાજકીય પક્ષને પરવાનગી આપતી વખતે સરકારી કર્મચારીના વર્તણૂક સંબંધી સૂચનાઃ</u>

"જાહેર સ્થળ પર ચૂંટણીની કોઈપણ બેઠક યોજવા માટેની પરવાનગી આપતી વખતે કોઈ એક રાજકીય પક્ષ અને બીજા રાજકીય પક્ષ બાબતે ભેદભાવ રાખવો જોઈશે નહિ. એક કરતાં વધારે પક્ષ કોઈ એક અને સમાન સ્થળ પર એક જ દિવસે અને એક જ સમયે બેઠક યોજવા માટે અરજી કરે, તો જે પક્ષ દ્વારા પહેલાં અરજી કરવામાં આવી હોય તે પક્ષને બેઠક યોજવા માટેની મંજૂરી આપવી જોઈશે." સંબંધિત અધિકારીઓએ આ સૂચનાનું સાવધાનીપૂર્વક પાલન કરવું જોઈશે.

(ક્રમાંક (૪) ઉપર ઉલ્લેખેલ પરિપત્ર મેમોરેન્ડમથી આ સૂચના બહાર પાડવામાં આવેલ છે.)

૪. <u>લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની જોગવાઈઓ.</u>

લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમો ૨૮ક, ૧૨૮, ૧૨૯, ૧૩૪ અને ૧૩૪ક (અહીં નીચે મુદ્રિત કરેલ છે)

૨૮ક. ચૂંટણી અધિકારી, મતદાન મથક અધિકારી, વગેરે ચૂંટણી કમિશનમાં પ્રતિનિયુકિત પર હોવાનું ગણાશે.

ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, મતદાન મથક અધિકારી, મતદાન અધિકારી અને આ ભાગ હેઠળ નિમાયેલા બીજા કોઈપણ અધિકારી અને રાજ્ય સરકાર દ્વારા તે સમયે મુકરર કરવામાં આવેલા કોઈપણ પોલીસ અધિકારી, આવી ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હોય તે જાહેરનામાની તારીખે અને તે તારીખથી શરૂ થતી અને આવી ચૂંટણીનું પરિણામ જાહેર થાય તે તારીખે પૂર્ણ થતી મુદત માટે ચૂંટણી કમિશનમાં પ્રતિનિયુક્તિ પર હોવાનું ગણાશે અને તદનુસાર આવા અધિકારીઓ, તે મુદત દરમિયાન, ચૂંટણી કમિશનના નિયંત્રણ, દેખરેખ અને શિસ્તપાલનને અધીન રહેશે.

૧૨૮. <u>મતદાનની ગુપ્તતા જાળવવા બાબત</u>

(૧) ચૂંટણીમાં મત નોંધવા અથવા મત ગણતરી સાથે સંકળાયેલ કંઇપણ ફરજ બજાવતા દરેક અધિકારીએ, કારકુને, એજન્ટ અથવા બીજી વ્યકિતએ, મતદાનની ગુપ્તતા જાળવવી જોઇશે, અને તે જાળવવામાં મદદ કરવી જોઇશે, અને (કોઇપણ કાયદાથી અથવા તે હેઠળ અધિકૃત હોય તેવા હેતુ સિવાય) એવી ગુપ્તતાનો ભંગ થાય એવી કોઇપણ માહિતી કોઇપણ વ્યકિતને આપવી નહિ.

(૨) જે વ્યકિત, પેટા-કલમ (૧) ની જોગવાઇઓનુ ઉલ્લંઘન કરે, તે ગુનો સાબિત થયેથી, ત્રણ મહિનાની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

૧૨૯. <u>અધિકારીઓ વગેરેએ, ચૂંટણી વખતે ઉમેદવારો માટે કામ કરવું નહિ અથવા મતદાન ઉપર અસર થાય એવું કશું કરવું નહિઃ-</u>

(૧) જે કોઇ વ્યકિત ચૂંટણી વખતે, (જિલ્લા ચૂંટણી અધિકારી અથવા ચૂંટણી અધિકારી) અથવા મદદનીશ ચૂંટણી અધિકારી, મતદાન મથક અધિકારી અથવા મતદાન અધિકારી હોય અથવા ચૂંટણીના સંબંધમાં કાંઇપણ ફરજ બજાવવા માટે ચૂંટણી અધિકારી અથવા મતદાન મથક અધિકારીએ નીમેલા કોઇ અધિકારી અથવા કારકુન હોય તેણે, ચૂંટણીનાં સંચાલન અથવા તેની વ્યવસ્થામાં ઉમેદવારની ચૂંટાવાની સંભાવના વધારવા માટે (તેનો મત આપવા સિવાયનું બીજુ) કોઇ કૃત્ય કરવું નહિ.

(૨) ઉપર જણાવેલી વ્યકિતઓએ, તેમજ પોલીસ દળના કોઇ સભ્યએ નીચે પ્રમાણેનો પ્રયત્ન કરવો જોઇશે નહિઃ-

(ક) કોઇ વ્યકિતને કોઇ ચૂંટણીમાં તેનો મત આપવા સમજાવવાનો, અથવા

(ખ) કોઇ વ્યકિતને કોઇ ચૂંટણીમાં તેનો મત ન આપવા સમજાવવાનો, અથવા

(ગ) કોઇ ચૂંટણીમાં કોઇ વ્યકિતના મતદાન ઉપર કોઇપણ રીતે અસર પાડવાનો.

(૩) જે કોઇ વ્યકિત, પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) ની જોગવાઇઓનું ઉલ્લંઘન કરે તે ગુનો સાબિત થયેથી, છ મહિનાની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ શિક્ષાપાત્ર થાય તેવો ગુનો પોલીસ અધિકારનો ગણાશે.

<u>૧૩૪. ચૂંટણી સંબંધી અધિકારીની રૂએની ફરજનો ભંગઃ-</u>

(૧) આ કલમ લાગુ પડતી હોય તેવી કોઇ વ્યકિત, પોતાના હોદ્દાની રૂએની ફરજનો વાજબી કારણ સિવાય ભંગ થાય એવા કોઇ કૃત્ય અથવા એવા કોઇ કાર્યલોપ બદલ દોષિત હોય તો, તે ગુનો સાબિત થયેથી, પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

(૧ક) પેટા-કલમ (૧) હેઠળનો શિક્ષાપાત્ર થાય તેવો ગુનો પોલીસ અધિકારનો ગણાશે.

(૨) ઉપર જણાવેલા કોઇપણ કૃત્ય અથવા કાર્યલોપના સંબંધમાં આવી કોઇ વ્યકિત સામે નુકસાની મેળવવા માટે કોઇ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ.

(૩) આ કલમ જેને લાગુ પડે છે તે વ્યકિતઓ, તે (જિલ્લા ચૂંટણી અધિકારીઓ, ચૂંટણી અધિકારીઓ), મદદનીશ ચૂંટણી અધિકારીઓ, મતદાન મથક અધિકારીઓ, મતદાન અધિકારીઓ અને ઉમેદવારીપત્રો સ્વીકારવા અથવા ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવા અંગેની અથવા ચૂંટણીમાં મત નોંધવા અથવા તેની ગણતરી કરવા અંગેની ફરજ બજાવવાને નીમવામાં આવેલી બીજી કોઇપણ વ્યકિતઓ છે અને "અધિકારીની રૂએની ફરજ" એ શબ્દ પ્રયોજનનો અર્થ આ કલમના હેતુઓ માટે તદનુસાર કરવો, પણ તેમાં આ અધિનિયમથી અથવા તે હેઠળ હોય તે સિવાય બીજી રીતે મૂકવામાં આવેલી ફરજોનો સમાવેશ થતો નથી.

<u>૧૩૪ક. સરકારી કર્મચારીઓને ચૂંટણી એજન્ટ, મતદાન એજન્ટ અથવા ગણતરી એજન્ટ તરીકે કામ કરવા માટે શિક્ષાઃ</u>

સરકારી નોકરીમાં હોય તે કોઇ વ્યક્તિ, કોઇ ચૂંટણીમાં કોઇ ઉમેદવારના ચૂંટણી એજન્ટ અથવા મતદાન એજન્ટ અથવા ગણતરી એજન્ટ તરીકે કામ કરે તો, તે વ્યક્તિ ત્રણ મહિના સુધીની કેદની અથવા દંડની, અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે.
(લોક-પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની ઉપરની કલમોની જોગવાઇઓ, ક્રમાંક (૫) ઉપર ઉલ્લેખેલ પરિપત્રથી પરિપત્રિત કરવામાં આવી હતી)

૨. આ સૂચનાઓ અને સંબંધિત વર્તણૂક નિયમોની અને લોક-પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951ની જોગવાઇઓ, તેમના વહીવટી નિયંત્રણ હેઠળના તમામ સરકારી કર્મચારીઓના ધ્યાન પર લાવવાની અને તમામ તેનું કર્તવ્યનિષ્ઠાથી તેનું પાલન કરે એ સુનિશ્ચિત કરવાની સચિવાલયના તમામ વિભાગો, તમામ ખાતાના વડા, અને તમામ કચેરીઓના વડાને વિનંતી કરવામાં આવે છે.

3. આ સૂચનાઓ અથવા સંબંધિત વર્તણૂક નિયમોની અથવા લોક-પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951ની સંબંધિત જોગવાઇઓનો ભંગ ગંભીર શિસ્તવિષયક પગલાંને પાત્ર થશે.

૪. સંબંધિત નિયમોની જોગવાઇઓ અથવા સૂચનાઓના સંબંધમાં કોઇ શંકા ઊભી થાય ત્યારે, મૂળ નિયમો, અધિનિયમ અથવા પરિપત્રનો સંદર્ભ લેવાનો અને તેને વિચારણામાં લેવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલ દયાની)
અધિક મુખ્ય સચિવ (કર્મચારીગણ),
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

*- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અ.મુ. સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. કેબિનેટ મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
*- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
*- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
*- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર.
*- મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગોને તેઓ હસ્તકના સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓને જાણ અને જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/શાખાઓ
- સી.આઇ.ઓ., સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર પરિપત્રની નકલ વેબસાઇટ પર ઉપલબ્ધ કરવાની વિનંતી સહ
- સેકશન અધિકારી, છ શાખા, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ.

* પત્ર દ્વારા.